# ગાંધીનગરમાં હવે બેંક રોબરી કરતી ગેંગ સક્રીય

**છત્રાલમાં ફાયરીંગ કરીને બેંકમાં થયેલી લુંટ બાદ વાવોલની બેંકમાં એ જ પદ્ધતિથી રોબરીનો પ્રયાસ : બાઈક પર આવેલા ત્રણ બુકાનીધારી લુંટારૂઓએ બેંકમાં ઘુસીને ફાયરીંગ કર્યું**

**મહિલા બેંક મેનેજરે સિક્યુરીટી એલાર્મની સ્વીચ પાડી દેતા લુંટારૂઓ ફરાર : સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ : કોંગ્રેસની સભામાં તૈનાત ગાંધીનગર પોલીસ દોડતી થઈ**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં હવે ઘરફોડ, ચોરી, વાહનચોરી, તાજેતરમાં જ કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલી એક બેંકમાં ઘુસીને બેંક રોબરી કરતી ત્રિપુટી હજુ સુકાઈ નથી ત્યાં વધુ એક બેંક રોબરીના પ્રયાસની ઘટના ધ્યાને આવી છે. ગાંધીનગર વિસ્તારમાં આવેલી એસબીઆઈ બેંકને લુંટારૂઓએ ટાર્ગેટ કરી હતી. આજે બપોરે બાઈક પર આવેલા હટાવવા અનુરોધ કર્યો ત્યારે ત્રણ પૈકી બે શખ્સોએ રીવોલ્વર કાઢી હતી અને તેમની સામે તાકી હતી. જોરથી વાગવા લાગતા લુંટારૂઓ ગભરાઈ ગયા હતા અને તાત્કાલીક કબાટ સામે ફાયરીંગ કરીને બેંકની અડાલજ ખાતે કોંગ્રેસની સભામાં બંદોબસ્તમાં ગોઠવાયેલી ગાંધીનગરની પોલીસ દોડતી થઈ તેમ છતા લુંટારૂઓ હાથ લાગ્યા ન હતા. સે-૭ પોલીસે ઘટના અંગે ગુનો નોંધી એફએસએલની ટીમ







ચેઈન સ્નેચીંગ અને સામાન્ય લુંટની ઘટનાઓ સાવ સામાન્ય થઈ ગઈ હોવાનું લાગી રહ્યું છે. હવે તો રીવોલ્વર લઈને આવતી બેંક રોબરી કરતી ત્રિપુટી ગેંગ ગાંધીનગરમાં સક્રિય થઈ ગઈ છે. ગેંગે કર્મચારી પર ફાયરીંગ કરીને દિલધડક લુંટ કરી હતી. પળવારમાં લુંટ ચલાવી ફરાર થઈ ગયેલા બેંક રોબર્સ હજુ પણ પોલીસ પકડમાં આવી શક્યા નથી. આ ઘટનાની તપાસની શાહી પોલીસને કમજોર સમજવી કે આ ગેંગને જાંબાઝ સમજવી તે હજુ સ્પષ્ટ થઈ શકતુ નથી.

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં ક રોડ પર સ્થિત શાંતિવન ફલેટ પાસે ભરચક ત્રણ બુકાનીધારી શખ્સો બેંકમાં ઘુસી ગયા હતા અને કેશીયરના કાઉન્ટર પાસે આવી પહોંચ્યા હતા. બાજુમાં બેઠેલા મહિલા બેંક મેનેજરે બુકાનીધારી શખ્સો સામે જોઈને મોં પર ઢાકેલો રૂમાલ મહિલા બેંક મેનેજરે ગભરાઈ જઈને સમય સુચકતા દાખવી તેમના ટેબલ નીચે લાગેલી સિક્યુરીટી એલાર્મની સ્વીચ દબાવી ટેબલ નીચે સંતાઈ ગયા હતા. સિક્યુરીટી એલાર્મ જોર- બહાર નીકળી ગયા હતા. બાઈક પર ત્રણ સવારી બેસીને બેંક રોબરી કરવા આવેલા ત્રણેય શખ્સો પુન્દ્રાસણ તરફ રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટના અંગે તાત્કાલીક પોલીસને જાણ કરવામાં આવતા ગઈ હતી. સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબી અને એસઓજીની ટીમો ઘટના સ્થળે આવી પહોંચી હતી તો બીજી તરફ જિલ્લામાં ચારેય તરફ એન્ટ્રી એક્ઝીટ પોઈન્ટ પર નાકાબંધી કરી દીધી હતી. જો કે બોલાવી ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરી છે. લુંટારૂઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી લુંટારૂઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**તમે અમને મત આપશો તો અમે પણ ગોળા ફેંકી આવીશું... અમારે ક્યાં જોખમ છે... સૈનિકો તો છે જ ને...??**

## જિલ્લો સામાન્ય ચૂંટણી માટે સજ્જ છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૨

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ માટે તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ હોવાનો દાવો જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ કર્યો છે.

જિલ્લામાં ૬૪૧ સ્થાનો પર ૧૩૭૯ મતદાન મથકો આવેલા છે. જિલ્લાતંત્ર પાસે ૧૯૪૭ બેલેટ યુનિટ, ૧૫૫૩ કંટ્રોલ યુનિટ, ૧૬૫૩ વી.વી.પેટ આવેલા છે.

તેમણે કહ્યુ હતુ કે આ તમામનું એફ.એસ.સી. થઈ ગયુ છે. તેમણે કહ્યુ હતુ કે ચૂંટણી માટે ૨૦ જેટલા નોડલ ઓફિસરોની નિયુક્તી કરવામાં આવી છે. જેમાં ગત ચૂંટણી કરતાં બે વધુ છે.

લાંગાએ જણાવ્યુ હતુ કે બી.એલ.ઓ. તેમજ અન્ય કર્મચારીઓની તાલિમ પૂર્ણ થઈ ગઈ છે. આગામી દિવસોમાં જનજાગૃતિ માટે ઈ.વી.એમ. સાથે એક ઝુંબેશ ચલાવાશે. ઈ.વી.એમ.થી ચૂંટણી સંપૂર્ણ સુરક્ષિત અને ક્ષતિરહિત હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

જિલ્લો ત્રણ લોકસભા મતવિસ્તારમાં વિભાજીત થયેલ છે. ગાંધીનગર (ઉ) અને કલોલ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ગાંધીનગર (દ) અને દહેગામ અમદાવાદ પૂર્વ લોકસભા વિસ્તારમાં તેમજ માણસા મહેસાણા લોકસભા વિસ્તારમાં સમાવાયેલા છે.

## કલોલની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ એક કેસ સ્વાઈન ફલુનો પોઝીટીવ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૩૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે અર્બન હેલ્થ સેન્ટર-૨ કલોલની હદમાં ૫૦ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે નોંધાયેલા દર્દીઓ પૈકી ૩૪ દર્દી સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હજુ પણ ૪ દર્દી હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ છે.

આજે મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના હુકમો તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

## ગાંધીનગર થી સોમનાથ રૂટ માટે એ.સી. સ્લીપીંગ બસ સેવા શરૂ કરાઈ

**અગાઉ દ્વારકા, દિવ અને કચ્છ રૂટ માટે બસ સેવા શરૂ કરાઇ હતી : હવે દરરોજ રાત્રિના ૮ :૩૦ કલાકે સોમનાથ માટે એ.સી. સ્લીપીંગ બસ દોડશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા દિવ , દ્વારાકા તેમજ કચ્છ માટે નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જયારે દિવ અને દ્વારકા બાદ સોમનાથ જવા માટે પણ એસ ટી નિગમ દ્વારા નવી એ સી સ્લીપીંગ બસ શરૂ કરવામાં આવી છે. એસ ટી તંત્ર દ્વારા ગાંધીનગર ડેપોથી રાત્રિના ૮ :૩૦ કલાકે સોમનાથ રૂટની નવી એ સી સ્લીપીંગ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેના લીધે નગરજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર એસ ટી ડેપોથી સૌરાષ્ટ્ર તરફના રૂટમાં તબક્કાવાર નવી બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. જયારે થોડા દિવસો અગાઉ પણ દિવ , દ્વારકા અને ભુજના રૂટમાં નવી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. ગાંધીનગરમાં રાજયના વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે. જયારે શહેરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓના લીધે આવનારા મુલાકાતીઓની સંખ્યા પણ વધુ હોય છે. જેથી જુદા જુદા શહેરોને જોડતી બસ સેવા પણ ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવા માંગ ઉઠવા પામે છે. અગાઉ એસ ટી નિગમ દ્વારા દ્વારાકા ,દિવ તેમજ ભુજના રૂટમાં એસ ટી ની એ સી સ્લીપીંગ બસ શરૂ કરવામાં આવી હતી. જયારે હવે સોમનાથ માટે પણ એસ ટી તંત્ર દ્વારા નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. પવિત્ર તીર્થધામ સોમનાથ જવા માટે મુસાફરોને અવરજવર કરવામાં સરળતા રહે તેવા આશયથી ગાંધીનગરથી સોમનાથ રૂટમાં સ્લીપીંગ એ સી બસ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર એસ ટી ડેપોથી રાત્રે ૮ :૩૦ કલાકે એ સી સ્લીપીંગ બસ શરૂ કરવામાં આવી છે. આ બસ સેવાના લીધે સોમનાથ , રાજકોટ અને જુનાગઢ જતા મુસાફરોને ઉનાળાની આકરી ગરમીમાં એ સી અને આરામદાયક બસ સેવા મળી રહેશે. સોમનાથ રૂટની બસ સેવા ગાંધીનગરથી સીધી શરૂ થતા શરૂ થતા મુસાફરોમાં હર્ષની લાગણી વ્યાપી છે. જયારે શિવભકતોમાં પણ અનેરો ઉત્સાહ પ્રવર્તયો છે.



રાહુલ ગાંધીનું સ્વાગત : અડાલજ ખાતે યોજાયેલ જન સંકલ્પ રેલીને સંબોધવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી મંચ ઉપર આવી પહોંચ્યા ત્યારે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ ઉમળકાપૂર્વક સ્વાગત કર્યું હતું. ધારાસભ્ય સર્વ શ્રી સી. જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, બળદેવજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી નિશીથભાઈ વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ તથા પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડે મંચ પર ફુલહારથી સ્વાગત કર્યું હતું.

## મેટ્રોના કામના બહાના તળે શહેરી બસ સેવાના ડ્રાઈવર-કન્ડકટર્સના મનસ્વીપણાથી મુસાફરો ત્રસ્ત..!!!

**આશ્રમરોડ પરથી કોઈપણ આદેશ-સૂચના વગર જ બસો રીવરફ્ન્ટ પર લઈ જવાય છે : મુસાફરોને રીવરફ્ન્ટ પર ઉતારી દેવાતા રઝળી પડે છે : આશ્રમરોડ પર બસની રાહ જોઈને ઉભા રહેતા મુસાફરો હાથ ઘસતા રહી જાય છે : મુસાફરો ફરિયાદ કરે તો ઉદ્ધતાઈથી જવાબ મળે છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરથી અમદાવાદ માટેની શહેરી એસટી બસ સેવા ફરી એકવાર ડ્રાયવર-કંડકટરની તુમાખીભર્યા વર્તનથી ચર્ચાને ચકડોળે ચઢી છે. અત્યારે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા સરકારી કર્મચારીઓથી માંડીને અન્ય મુસાફરોને દરરોજ થઈ રહ્યો છે. હાલ અમદાવાદના આશ્રમરોડ પર મેટ્રો રેલવેનું કામ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટના કારણે



અમદાવાદના આશ્રમરોડ પર ચાલી રહેલા મેટ્રો રેલવેના કામને પગલે ડાયવર્ઝન માર્ગ પર ટ્રાફિકની ગીચતા વધુ હોવાના બહાના હેઠળ શહેરી સેવાની બસોને કોઈપણ જાતના લેખિત આદેશ કે પરિપત્ર વગર જ ડ્રાયવર-કન્ડક્ટર સાબરમતી રીવરફ્રન્ટના માર્ગે હંકારી જાય છે અને આશ્રમરોડ પર ઉસ્માનપુરા, ઈન્કમટેક્ષ, નવરંગપુરા સહિતના સ્ટેન્ડના મુસાફરોને રીવરફ્રન્ટના માર્ગ પર ઉતારી દેવામાં આવે છે. જેને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, જો કોઈ મુસાફર આ બાબતે વાંધો ઉઠાવે તો કન્ડકટર બિન્દાસપણે ''તમારાથી થાય તે કરી લેજો'' તેવા ઉદ્ધત જવાબ આપતાં પણ અચકાતા નથી.

તાજેતરમાં એસટી. બસોને એક સાથે બંધ કરી સમગ્ર રાજ્યની મુસાફર જનતાને બાનમાં લઈ પોતાની માંગણીઓ સ્વીકાર થાય તે માટે સરકારનું નાક દબાવનાર એસટીતંત્રના કર્મચારીઓ જેમાં ખાસ કરીને ડ્રાયવર-કંડક્ટર્સ દ્વારા મુસાફરો સાથે ગેરવર્તન અને બસોના રૂટમાં મનમાની કરવાના કિસ્સા અવારનવાર જોવા મળે છે. હાલ આવી જ મનમાનીનો અનુભવ આશ્રમરોડ પર ડાયવર્ઝન આપવામાં આવ્યાં છે જેનો ઉપયોગ આશ્રમરોડના તમામ વાહનચાલકો જેમાં એએમટીએસની સીટી બસ સેવા સહિત કરી રહ્યાં છે પરંતુ આ ડાયવર્ઝનનો ઉપયોગ કરવામાં ગાંધીનગર-અમદાવાદ શહેરી એસટી બસ સેવાના ડ્રાયવર-કંડક્ટર્સને શુ તકલીફ પડી રહી છે. મેટ્રોના કામના બહાનાં તળે શહેરીબસ સેવાની આશ્રમરોડ રૂટની બસોને સીધી સાબરમતી રીવરફ્રન્ટ પર લઈ જવામાં આવે છે, જે અંગે એસટી ડેપો તંત્ર દ્વારા કોઈ સૂચના આપવામાં આવી નથી. છતાં ડ્રાયવર-કંડક્ટર દ્વારા પોતાની મનસ્વી રીતે જ રીવરફ્રન્ટના રોડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ મનમાનીના કારણે આશ્રમરોડના અનેક મુસાફરો બસની રાહ જોતા જ રહી જાય છે અથવા ગાંધીનગરથી અમદાવાદ જતા મુસાફરોને રીવરફ્રન્ટના માર્ગ પર ઉતારી દેવાય છે જેથી તેઓ હાલાકીનો ભોગ બની રહ્યાં છે. જો આ બાબતે કોઈ મુસાફર ડ્રાયવર-કંડક્ટરને ફરિયાદ કરે તો તેઓના ઉદ્ધતાઈથી જવાબ આપવાના કિસ્સા પણ સર્જાઈ રહ્યાં છે જેથી મુસાફરોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

## ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ચેરમેન લાલભાઈ જી. પટેલની પેનલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૧૨

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ની ચૂંટણી યોજાઈ હતી. જેનું પરીણામ જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ની કુલ ૧૫ બેઠકોમાંથી ૧૩ બેઠકો બિન હરીફ જાહેર થઈ હતી. જેમાં લાલભાઈ જી. પટેલ-અડાલજ, રસિકલાલ એમ. પટેલ-રાંધેજા, યુવરાજસિંહ જે. રાણા-ધણપ, ભરતભાઈ જી. ચૌધરી-ઈશ્વરપુરા, હરીશકુમાર એમ. પટેલ-ઉમિયાનગર, ડાહ્યાભાઈ જી. ચૌધરી-અમરપુરા, મનુભાઈ કે. પટેલ-પલસાણા, નવિનચંદ્ર જે. પટેલ-કલોલ, જયંતિભાઈ જે. પટેલ-જામળા, ભાવેશભાઈ એન. પટેલ-ધમીજ, રાજેન્દ્રકુમાર આર. શાહ-ધારીસણા, રમણભાઈ કે. દેસાઈ-હાલીસા તથા એક વિભાગમાં બન્ને ઉમેદવારના ફોર્મ રદ થતા તે વિભાગની બેઠક ખાલી રહી હતી તથા સુરેશભાઈ વી. પટેલ-ગાંધીનગર તાલુકા સ.ખ.વે. સંઘમાંથી બિનહરીફ ચૂંટાઈ આવેલ છે.

જેમાં ૧ બેઠકની ચૂંટણી કરવામાં આવી તેમાં કોદરભાઈ આર. પટેલ-જાખોરા વિજયી જાહેર થયા હતા.

ગાંધીનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના ચેરમેન લાલભાઈ જી. પટેલ અને તેમની સમગ્ર પેનલનો ભવ્ય વિજય થયેલ છે. ગાંધીનગર જિલ્લાના તમામ સહકારી આગેવાનો તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## કોંગ્રેસી નેતાઓની ગાડીઓ પર તંત્રની ચાંપતી નજર

ગાંધીનગર,તા. ૧૨

ગયા રવિવારે ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયાની સાથે જ સમગ્ર દેશમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. આ સંજોગોમાં આજે યોજાયેલી કોંગ્રેસની વર્કિંગ કમિટી તેમજ અડાલજની જનસંકલ્પ રેલીમાં જોડાવા આવેલા કોંગ્રેસ પક્ષના દિગ્ગજ નેતાઓની ગાડીનું ચૂંટણી પંચ દ્વારા મોનિટરિંગ કરાયું હતું. ચૂંટણી તંત્રના અધિકારીઓ દ્વારા આ કાર્યક્રમોમાં કયાંક ચૂંટણી આચારસંહિતાની માર્ગદર્શિકાઓનો ભંગ ના થાય તેની પર બાજ નજર રાખવામાં આવી હતી. આજે સવારે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ડો.મનમોહનસિંહ, પ્રિયંકા ગાંધી વગેરેનું અમદાવાદ ખાતે આગમન થયા બાદ આ મહાનુભાવો ખાસ બસમાં ગાંધી આશ્રમ જવા રવાના થયા હતા.

ચૂંટણી પંચ દ્વારા ગાંધી આશ્રમ ખાતેના કાર્યક્રમનું મોનિટરિંગ કરાયું હતું. જેમાં ચૂંટણી તંત્રની ચાર ટીમ દ્વારા વીડિયોગ્રાફી કરાઈ હતી. જેમાં કોંગ્રેસના નેતાઓની ગાડી, ગાડી પાછળનાં પોસ્ટર અને ગાડી નંબરની નોંધણી વગેરેનો સમાવેશ થાય છે.

દરમિયાન આજે યોજાયેલી જન સંકલ્પ રેલી માટે કોંગ્રેસના સ્થાનિક નેતાઓ તેમજ કાર્યકરો દ્વારા શહેરભરમાં ઠેર ઠેર હોર્ડિંગ્સ તેમજ બેનર અને ધજા લગાવાઈ હતી. અડાલજના ત્રિમંદિર તરફ જતા રસ્તાની બંને તરફ સેંકડોની સંખ્યામાં કોંગ્રેસનાં બેનર અને ધજા લહેરાતાં હતાં. જોકે ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતાનું કડક પાલન કરાઈ રહ્યું હોઈ ગઈકાલે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આ તમામ હોર્ડિંગ્સ, બેનર, કમાન અને ધજા વગેરેને ઉતારાવી દેવાયા હતા.

## કોંગ્રેસી નેતાઓએ ગુજરાતી ભોજનનો પણ સ્વાદ માણ્યો

**બાજરીના રોટલા, રીંગણાનું ભડથું, ઉંધીયુ, પુરી, જલેબી, પુરણપોળી, બટાકાનું શાક તથા લીલવાની કચોરી, ઢોકળા**

ગાંધીનગર,તા. ૧૨

શહેરના શાહીબાગ વિસ્તારમાં સરદાર પટેલ સ્મારક ભવનમાં યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર રહેલા કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓએ આજે ગુજરાતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો. ખુદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, પ્રિયંકા અને સોનિયા ગાંધીએ પણ ગુજરાતની ભોજનની લુત્ફ ઉઠાવી હતી.

કોંગ્રેસના નેતાઓને ગુજરાતની ભોજનના સ્વાદનો ચટાકો પડી ગયો હતો. અમદાવાદમાં પધારેલા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ માટે આજે ગુજરાતી ભોજનની ખાસ કરીને વિશેષ મેનુ તૈયાર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓને બાજરીના રોટલા, રીંગણાનું ભડથું, ઉંધીયુ, પુરી, જલેબી, પુરણપોળી અને બટાકાનું શાક તથા ફરસાણમાં લીલવાની કચોરી, ઢોકળા પીરસાયા હતા. કોંગી નેતાઓને ગુજરાતી ભોજનનો સ્વાદ બહુ ભાવ્યો હતો અને તેઓએ તેના ભરપૂર વખાણ કર્યા હતા.

ગુજરાતના કેટલાક સ્થાનિક નેતાઓએ ગુજરાતી ભોજન અને વાનગીઓની આમંત્રિત રાષ્ટ્રીય મહાનુભાવોને જાણકારી અને સમજ પણ આપી હતી. તો, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી માટે અલગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજના ભોજન મેનુમાં કોંગ્રેસના નેતાઓને નોનવેજ નહીં પીરસવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી તેઓને માત્ર શુદ્ધ ગુજરાતી ભોજન જ પીરસવામાં આવ્યું હતું.

બીજીબાજુ, એક દિવસ પહેલાં આવી ચૂકેલા કોંગ્રેસના સાંસદ અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ સહિતના કેટલાક નેતાઓએ ગઈકાલે રાત્રે શહેરના જૂના અને જાણીતા માણેકચોકમાં ભાજીપાઉં અને પીઝાનો સ્વાદ માણ્યો હતો. ગુજરાતના મહેમાન બનેલા કોંગ્રેસના નેતાઓને પ્રદેશ કોંગ્રેસના નેતાઓ અમદાવાદમાં મોડી રાતે જમવા માટે જાણીતા માણેકચોક લઈ ગયા હતા.